બં. અ. કૃષિ મહાવિદ્યાલય
આણંદ કૃષિ યુનિવર્સિટી
આણંદ- ૩૮૮ ૧૧૦

# બં. અ કૃષિ મહાવિદ્યાલયમાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસનાં ઉપક્રમે "એગ્રીફેસ્ટ 2K22" ની ઉજવણીનું આયોજન કરાયું.

રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ તેમજ આઝાદી કા અમૃત મહોત્સવ અને બં.અ. કૃષિ મહાવિદ્યાલયનાં અમૃત મહોત્સ્વનાં ભાગરૂપે તા.૨૮/૦૨/૨૦૨૨ નાં દિવસે બં.અ. કૃષિ મહાવિદ્યાલયનાં વિદ્યાર્થીઓ દ્વારા એગ્રી-ફેસ્ટ 2K22 નું આયોજન કરવામાં આવ્યું હતું. આ આયોજનમાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસના પરિકલ્પમાં કૃષિ વિજ્ઞાન આધારિત જુદી જુદી થીમ જેવી કે કૃષિ લક્ષી ચિત્રકલા, ફોટોગ્રાફી, બેચ કે દીખા, ટ્રેઝર હન્ટ, ચાય પે ચર્ચા, પોસ્ટર હરિફાઇ, મોડેલો અને બિઝનેસ આઇડિયા જેવા વિવિધ આયામો આવરી લેવામાં આવ્યા હતા.

આ ઉજવણીમાં બં.અ. કૃષિ મહાવિદ્યાલય ઉપરાંત આણંદ કૃષિ યુનિવર્સિટીના અન્ય મહાવિદ્યાલયોનાં કુલ 400 થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

આણંદ કૃષિ યુનિવર્સિટીનાં માનનીય કુલપતિશ્રી ડૉ. કે.બી.કથીરીયાએ વિદ્યાર્થીઓને આ કાર્યક્રમ યોજવા માટે અભિનંદન પાઠવ્યા હતા અને તેના ખેડૂતલક્ષી સુંદર આયોજન માટે ઉત્સાહ પૂરો પાડ્યો હતો.

કાર્યક્રમનાં અંતમાં દરેક સ્પર્ધાના વિજેતાઓને પ્રોત્સાહનના ભાગરૂપે સંશોધન નિયામક અને અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ ડૉ. એમ.કે.ઝાલા, વિદ્યાર્થી કલ્યાણ પ્રવૃત્તિનાં નિયામકશ્રી ડૉ. ડી.એચ.પટેલ તથા બં.અ. કૃષિ મહાવિદ્યાલયનાં ડીનશ્રી ડૉ. વાય.એમ.શુક્લનાં વરદ હસ્તે વિજેતાઓને ટ્રોફી, પ્રમાણપત્ર અને જીવન ઉપયોગી પુસ્તકોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમનું સફળ સંચાલન એસ.આર.સી કમિટીનાં ચેરમેન ડૉ. ડી.જે.પરમારનાં માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યુ હતું આ કાર્યક્રમને સફળ બનાવવા માટે જનરલ સેક્રેટરી શ્રી ધવલ સાવલિયા અને તેમની ટીમ દ્વારા યોજના બદ્ધ આયોજન કરવામાં આવ્યું હતું.










STUDENTS' REPRESENTATIVE COUNCIL
B. A. COLLEGE OF AGRICULTURE
AgriFest
2k22


AGR FEST
2K22
02-Mar-2022 11:03:59


FARMER:
WE FEED
THE WORLD


02-Mar-2022 11:01:40
Incredible
India


19


23
FARMERS - We Feed The World